# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩૦/૧૧/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ‘પોલિએસ્ટર’ ઉત્પાદનને ૮૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે ચેમ્બર દ્વારા વેબિનાર યોજાયો, સોરોના ફાયબરમાંથી નવા પ્રોડકટ બનાવવાની દિશામાં પ્રયાસ કરાશે

### સોરોના ફાયબર ‘સ્પેનડેકસ’નો વિકલ્પ બની શકે છે, આ ફાયબર ટ્વીસ્ટ અને ટેકચ્યુરાઇઝ થઇ શકે છે, આથી સુરતની વિવિંગ ઇન્ડસ્ટ્રીને પણ વેગ મળશે : આશીષ ગુજરાતી

### ટેકસટાઇલ ઉદ્યોગકારોને ‘પોલિએસ્ટર’ની શોધ તથા તેના વિકાસ સંદર્ભે માહિતગાર કરાયા

**સુરત.** ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં પોલિએસ્ટરના ઉત્પાદનને ૮૦ વર્ષ પૂર્ણ થઇ રહયા છે ત્યારે તેની ઉજવણીના ભાગ રૂપે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે ‘પોલિએસ્ટરના ૮૦ વર્ષ’ વિષય ઉપર ઝુમ એપ્લીકેશનના માધ્યમથી વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે યુ.એસ.એ.થી ડુપોન્ટ કંપનીના ટેકનિકલ ફેલો ડો. કે. રંજન સામંત દ્વારા ઉદ્યોગકારોને ‘પોલિએસ્ટર’ની શોધ તથા તેના વિકાસ સંદર્ભે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ડુપોન્ટ કંપનીના ટેકનિકલ ફેલો ડો. કે. રંજન સામંતે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૩૦માં ડુપોન્ટ કંપનીના સાયન્ટીસ્ટ વોલેસ કેરોથર્સે પોલિએસ્ટર ફાયબરની શોધ કરી હતી. જો કે, તેમના નિધન બાદ બ્રિટીશ સાયન્ટીસ્ટ ડબ્લ્યૂ.કે. બર્થવિસલ દ્વારા વર્ષ ૧૯૪૧માં ટેરેલીન નામથી પહેલું પોલિએસ્ટર ફાયબર બનાવી તેનું પેટન્ટ નામે કર્યું હતું.

બ્રિટીશ સાયન્ટીસ્ટોએ આઇસીઆઇ કેમિકલ કંપનીને પેટન્ટ વેચ્યું હતું અને આઇસીઆઇ કેમિકલ કંપનીએ ડુપોન્ટ કંપનીને એ પેટન્ટ અમેરિકન માર્કેટમાં વાપરવા માટે આપ્યું હતું. ત્યારબાદ વર્ષ ૧૯૫૩માં ડુપોન્ટ દ્વારા કિંગ્સ્ટન નોર્થકેરોલેનમાં પોલિએસ્ટર ફાયબરનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું અને તેને ડેક્રોન નામ આપવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૬૦માં ઇન્ડસ્ટ્રીયલ પોલિએસ્ટર યાર્ન બનાવવામાં આવ્યું અને ત્યારપછી પોલિએસ્ટરમાંથી ટાયરકોડ અને બેલ્ટયાર્ન બનાવવાનું શરૂ થયું હતું. તે સમયે ભારતમાં ઉદ્યોગપતિ ધીરુભાઇ અંબાણી દ્વારા પ્રથમ વખત પોલિએસ્ટર યાર્નની આયાત ચાલુ કરવામાં આવી હતી.

વર્ષ ૧૯૭૪માં ડુપોન્ટ કંપની દ્વારા પ્રથમ વખત પીઓવાય (પાર્સલ ઓરિએન્ટેડ પોલિએસ્ટર યાર્ન)ના ઉત્પાદન માટે પ્રોજેકટ નાંખવામાં આવ્યો હતો. ડુપોન્ટ દ્વારા વર્ષ ૨૦૦૪માં સોરોના નામના બાયોપોલિમર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૫માં સુરતની વિપુલ ફેશનવાલા તથા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા સોરોના પોલિમરનો ઉપયોગ કરી કપડા બનાવવામાં આવ્યા હતા.

તેમણે ઉદ્યોગકારોને સ્પેન્ડેકસ અને સોરોના વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો હતો. તેમણે કહયું હતું કે, સોરોના પોલિમરમાંથી ફાયબર અને ફેબ્રિક બનાવવાની રીત પોલિએસ્ટર સમાન છે. હાલમાં ડુપોન્ટ કંપની ભારતમાં સોરોના પોલિમર માટે સ્પીનર્સ શોધી રહી છે. કારણ કે, સોરોના ફાયબરમાંથી બનતું યાર્ન બનાવનારા ભારતમાં કોઇ નથી. આથી ભારતમાં ચાઇનાથી યાર્ન આયાત થાય છે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સોરોના ફાયબર એ ' સ્પેનડેકસનો વિકલ્પ બની શકે છે. આ ફાયબર ટ્વીસ્ટ અને ટેકચ્યુરાઇઝ થઇ શકે છે, જેનો લાભ સુરતના ટેકસટાઇલ ઉદ્યોગકારો લઇ શકે છે. આ નવા ફાયબરથી સુરતની વિવિંગ ઇન્ડસ્ટ્રીને પણ વેગ મળશે.

ફિઆસ્વીના ચેરમેન ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, ડુપોન્ટ તથા સુરતની ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીઝ વચ્ચે સમન્વય સાધવાની સંભાવનાઓ છે. એના માટે સાસ્મીરા અને મંત્રાનો સંપર્ક સાધી સોરોના ફાયબરમાંથી કયા નવા પ્રોડકટ બની શકે છે? તે દિશામાં પ્રયાસ કરવામાં આવશે. ઉપરોકત વેબિનારમાં ચેમ્બરની યાર્ન મેન્યુફેકચરર કમિટીના ચેરમેન તથા ટેકસટાઇલ ઉદ્યોગકાર સુરેશ પટેલ પણ રૂબરૂ ઉપસ્થિત રહયા હતા.